પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

વર્ષ : ૨૬ ● અંક : ૨૫ ● કુલ પાના : ૪ ● તારીખ : ૧૯-૦૯-૨૦૨૨ સોમવાર ● કિંમત રૂા.૧.૫૦/-

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 9712880678 panchmahalsamachar@gmail.com panchmahalsamachar panchmahalsamachar www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગ્રુપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

### સરકારની ખાલી વાતો, માલધારીઓ લડતના માર્ગે

## લમ્પી વાયરસ માટે સરકારે રૂ. ૫૦૦ કરોડના પેકેજની જાહેરાતો કરી પરંતુ એક પણ રૂપિયાની સહાય ન મળી હોવાની ફરિયાદ

### માલધારી વેદના સભાઃ 'જો રબારી, ભરવાડ, આહીર અને ગઢવી સમાજ એકસાથે ઊભો રહી જાય તો આપણી સામે ઊભા રહેવાની કોઈના બાપની તાકાત નથી'; હજારો માલધારીઓ ઊમટ્યા

અમદાવાદ,

ગુજરાત રાજ્યમાં રખડતા ઢોરનો મુદ્દો દિવસેને દિવસે ખૂબ ગરમાઈ રહ્યો છે. હાઈકોર્ટની ટકોર બાદ ગુજરાત સરકારે રખડતા ઢોરને પકડવા કડક કાર્યવાહી હાથ ધરી હતી. જોકે આ મામલે માલધારી સમાજે પણ એક વેદના રેલીના આયોજન દ્વારા તેમને કયા પ્રકારની મુશ્કેલીઓ અનુભવવી પડે છે તે વ્યક્ત કરવા પ્રયત્ન કર્યો હતો. જોકે હવે આ અંગે રાજકારણ વધારે ગરમાઈ રહ્યું છે અને માલધારી સમાજે આજે અમદાવાદના શેરથા ખાતે વેદના સંમેલનનું આયોજન કર્યું હતુ.



જોકે સંમેલનના નામે તેમણે સરકાર સામે શક્તિ પ્રદર્શન કર્યું છે. આ સંમેલનમાં રાજ્યભરમાંથી માલધારી સમાજના સાધુ-સંતો અને ભુવાઓ હાજર રહ્યા હતાં. માલધારી સમાજ દ્વારા ઢોર અંકુશ નિયંત્રણ કાયદો રદ કરવામાં આવે, ગૌચરોની જમીન પરત કરવામાં આવે, આ ઉપરાંત ઢોરવાડા માલધારીઓના ઘર નજીક બનાવી આપવામાં આવે તેવી માગણીઓ મામલે આ સંમેલનનું આયોજન કરવામાં આવ્યું છે. માલધારી સમાજની માગોને લઈને આ સંમેલનનું આયોજન કરવામાં આવ્યું છે. આ સંમેલનમાં માલધારી સમાજના હજારો લોકો એકઠા થયા છે.ધારાસભ્ય રઘુ દેસાઈ, લાખા ભરવાડ, માલધારી સમાજના ભુવાજીઓ, પૂર્વ અધિકારીઓ હાજર રહ્યા હતાં. આ બેઠકમાં આંદોલનની રણનીતિ ઘડવામાં આવશે. માલધારી સમાજે ઉકેલ નહીં આવે તો વિધાનસભા સત્ર સમયે વિધાનસભા ઘેરવાની ચીમકી આપી છે. સૌરાષ્ટ્ર-કચ્છથી પણ માલધારી સમાજના સાધુ-સંતો આ સંમેલનમાં પહોંચ્યા છે. સુરતથી પણ ગુજરાત માલધારી મહાપંચાયતના હોદ્દેદાર-આગેવાનો હાજર રહ્યા છે તથા ઠાકોર સમાજના અગ્રણી નવઘણજી ઠાકોર હાજર રહ્યા છે. ઠાકોર સમાજ વતી માલધારી સમાજને ટેકો જાહેર કરવામાં આવ્યો છે.

માલધારી સમાજે સરકાર સામે રોષ વ્યક્ત કર્યો છે. તેમની એવી ફરિયાદ છે કે, સરકાર ગાયોના મામલે માત્ર વાતો જ કરે છે, કોઈ સહાય નથી કરતી. લમ્પી વાયરસ માટે પણ સરકારે રૂ. ૫૦૦ કરોડના પેકેજની જાહેરાતો કરી હતી પરંતુ હજુ સુધી એક પણ રૂપિયો ફાળવવામાં નથી આવ્યો.

માલધારી સમાજના આગેવાન ભીમા આતાએ કહ્યું કે, જ્યાં સુધી ઢોર અંકુશ નિયંત્રણનો આ કાળો કાયદો રદ નહીં થાય ત્યાં સુધી તેઓ પાછા નહીં પડે. આખો સમાજ એક સાથે મળીને સરકાર સામે લડશે. રાજકોટ માલધારી સમાજના આગેવાન મનીષભાઈ નાગોરે જણાવ્યું કે, આ લડત માટે રબારી, ભરવાડ, ગઢવી અને આહીર એમ ચારેય સમાજે એક થવું પડશે. જો આ ચારેય સમાજ એક થયો તો આવનારી ચૂંટણીમાં મુખ્યમંત્રી આપણા હશે. તેમણે કહ્યું કે, રાજકોટના રસ્તા પર ચક્કાજામ કરીશું અને એક પણ વાહનને આગળ નહીં જવા દઈશું. રાજકોટના રસ્તાઓ પરથી એક પણ નેતાઓને નીકળવા નહીં દઈશું.

શેરથા ખાતે માલધારી વેદના સભા મહાસંમેલનમાં હજારોની સંખ્યામાં માલધારીઓ સાથે જ માલધારી સમાજના ૨૦ કરતાં પણ વધુ મંદિરોના મહંતો તેમજ ૪૦ કરતાં પણ વધુ મંદિરના ભૂવાઓ, ૧૭ કરતાં પણ વધુ સંસ્થાઓના વડાઓ તેમજ માલધારી સમાજના રાજકીય અને સામાજિક આગેવાનો આ સભામાં ભાગ લીધો હતો સમાજનો આગેવાન મનીષ નાગોરએ જણાવ્યું, જો રબારી, ભરવાડ, આહીર અને ગઢવી આ ૪ સમાજ એક મંચ પર એકસાથે ઊભો રહી જાય તો કોઈના બાપની તાકાત નથી કે આપણી સામે ઊભો રહે. માલધારી સમાજની મેઈન ખામી એ છે કે આપણે એકબીજાને પ્રમોટ નથી કરતા. જો તમે માલધારી સમાજને પ્રમોટ કરશો તો જ માલધારી સમાજ આગળ આવશે. જે રીતે સુરતમાં ખાતરી આપી હતી એ જ રીતે હું આજે ખાતરી આપું છું કે રાજકોટની બાજુ કોઈપણ વાહન જવા નહીં દઈએ. આખું સૌરાષ્ટ્ર રોકવાની અમારામાં તાકાત છે.

સમાજના પ્રવકતા નાગજીભાઈ દેસાઈએ જણાવ્યું, ગુજરાત સરકાર ઢોર અંકુશ નિયંત્રણ કાયદો જે વર્ષ ૨૦૨૨ માં લાવી છે તે કાયદો સરકારી પડતર જમીન અંગે ગૌચરો તળાવો તેમના માન્યતા ઉદ્યોગપતિઓને પધરાવી દેવાનું બિલ છે પ્રજાજનોને ગુજરાત સરકાર ગુમરાહ કરી રહી છે કે ઢોર રસ્તા ઉપર આવતા પશુઓથી સમાજના પ્રવકતા નાગજીભાઈ દેસાઈએ જણાવ્યું, ગુજરાત સરકાર ઢોર અંકુશ નિયંત્રણ કાયદો જે વર્ષ ૨૦૨૨ માં લાવી છે તે કાયદો સરકારી પડતર જમીન અંગે ગૌચરો તળાવો તેમના માન્યતા ઉદ્યોગપતિઓને પધરાવી દેવાનું બિલ છે પ્રજાજનોને ગુજરાત સરકાર ગુમરાહ કરી રહી છે કે ઢોર રસ્તા ઉપર આવતા પશુઓથી અકસ્માત થાય છે તે અંગેનો ઢોર અંકુશ નિયંત્રણ બિલ છે જે ખરેખર તો ખુદ માલધારી સમાજ વારંવાર રજૂઆત કરે છે કે રોડ રસ્તા ઉપર પશુઓથી નિર્દોષ લોકોના અકસ્માત થાય છે તે વ્યાજબી નથી. કોર્પોરેશનવાળાની ઢોર પકડવાની કામગીરી યોગ્ય છે પરંતુ સરકાર બેધારી નીતિ રાખીને એક બાજુ માલધારીઓને પશુઓ વગર ગુજરાન ચલાવવું મુશ્કેલ બન્યું છે, બીજી બાજુ નિર્દોષ રાહદારીઓને અકસ્માતનો ભોગ બનવું પડ્યું છે. સાથે સાથે છેલ્લા ઘણા સમયથી કોર્પોરેશન દ્વારા ગાયો ડબ્બામાં પૂરવામાં આવે છે તે ગાયો નીતિ નિયમ મુજબ દંડ લઈને છોડવામાં આવતી નથી. જે ગાયો કોર્પોરેશનના ડબ્બામાં ભૂખે મોતને ભેટી રહી છે અને તેના નાનાં બચ્ચાં ગાયના દૂધ વગર ઘરે જ મૃત્યુ પામી રહ્યાં છે. ગુજરાત સરકારને ગાયો માટે દયા જેવું નથી.

## ડીઆરઆઈએ મુન્દ્રા પોર્ટ પરથી રૂ. ૫૦ કરોડનું મૂલ્ય ધરાવતી ૨ લાખ ઈ-સિગારેટ જપ્ત કરી,પ્રતિબંધિત વસ્તુઓનો મોટો જથ્થો ઝડપાયો

ભુજ,

અમદાવાદ અને સુરત ડીઆરઆઈની સંયુક્ત ટીમે કચ્છના મુન્દ્રા પોર્ટ ખાતે એક સંયુક્ત ઓપરેશન પાર પાડીને આશરે ૫૦ કરોડ રૂપિયાનું મૂલ્ય ધરાવતો ઈ-સિગારેટનો જથ્થો ઝડપી પાડ્યો છે. ડ્ઈૅની ટીમને એક કન્ટેનરમાંથી ૨,૦૦,૪૦૦ (બે લાખ ચારસો) પ્રતિબંધિત આયાતી ઈ-સિગારેટની સ્ટિક્સ મળી આવી હતી. જ્યારે બીજા કન્ટેનરમાંથી મીસડિક્લેરેશનનો જથ્થો મળી આવ્યો હતો.

મુંદ્રા પોર્ટ અને એપસેઝ સબંધિત આ પ્રકરણમાં વધુ એક વાર આ પ્રકારનો મોટુ ષડયંત્ર ઝડપાતા સબંધિતોમાં ફફડાટ વ્યાપી ગયો. બે શંકાસ્પદ કન્ટેનર્સને અટકાવીને તપાસ કરવામાં આવતા આ પ્રકારની પ્રતિબંધિત વસ્તુઓનો મોટો જથ્થો હાથ લાગ્યો હતો. ત્યાર બાદ ડ્ઈૅએ આયાતકારના અન્ય કન્ટેનર્સની તપાસ પણ હાથ ધરી હતી.

ઉલ્લેખનીય છે કે, આ મહિનાની શરૂઆતમાં સુરતમાંથી પણ ૨૦ કરોડ રૂપિયાનું મૂલ્ય ધરાવતો ઈ-સિગારેટનો જથ્થો ઝડપી પાડવામાં આવ્યો હતો. શહેરના સચિન હાઈવે પરથી ઈ-સિગારેટના કન્ટેનર સાથે એક વ્યક્તિની ધરપકડ કરવામાં આવી હતી. પ્રાથમિક તપાસમાં ઈ-સિગારેટનો તે જથ્થો ચીનથી મંગાવાયો હતો અને મુંબઈ લઈ જવાઈ રહ્યો હતો તેવું સામે આવ્યું હતું.

### વૈશ્વિક મંદીના એંધાણ જણાતા સરકાર એલર્ટ

## વડાપ્રધાન નરેન્દ્ર મોદી અર્થતંત્ર પર મંત્રી અને સચિવો સાથે ટુંક સમયમાં ચર્ચા કરશે !

નવીદિલ્હી,

ભારત સહિત વિશ્વમાં મંદીનું સંકટ છે. એક રિપોર્ટમાં દાવો કરવામાં આવ્યો છે કે આવતા વર્ષે વિશ્વમાં ભારે મંદીના સંકટનો સામનો કરવો પડી શકે છે. આ રિપોર્ટ સામે આવ્યા બાદ હવે ભારત સરકાર એલર્ટ મોડ પર આવી ગઈ છે. આથી વડાપ્રધાન નરેન્દ્ર મોદી ટૂંક સમયમાં આ અંગે મહત્વની બેઠક યોજવાના છે. વાસ્તવમાં, આ મહિનાના અંતમાં, પીએમ મોદી અર્થતંત્ર અને વાણિજ્યના મુદ્દાઓ પર ચર્ચા કરવા માટે મંત્રી પરિષદ અને તમામ સચિવોને મળી શકે છે. અધિકારીઓએ આ માહિતી આપી છે.

અધિકારીઓએ જણાવ્યું કે મહિનાના અંતમાં યોજાનારી આ બેઠક ખૂબ જ મહત્વપૂર્ણ છે. આ એટલા માટે છે કારણ કે વિશ્વ બેંકના તાજેતરના અહેવાલને પગલે આ થઈ રહ્યું છે, જે સૂચવે છે કે કેન્દ્રીય બેંકો દ્વારા કડક નાણાકીય નીતિ વચ્ચે વિશ્વ આગામી વર્ષે ગંભીર મંદીનો સામનો કરી શકે છે. હિન્દુસ્તાન ટાઈમ્સના અહેવાલ મુજબ અધિકારીએ કહ્યું કે લાંબા સમય સુધી આ પ્રકારની બેઠકોમાં ક્યારેય અર્થવ્યવસ્થા અને વાણિજ્ય પર ચર્ચા થઈ નથી. જો કે આ બેઠક વિશ્વ બેંકના નવા રિપોર્ટની પૃષ્ઠભૂમિમાં થવા જઈ રહી છે. અધિકારીએ કહ્યું કે આગામી લોકસભા ચૂંટણીમાં માત્ર ૨૦ મહિના બાકી છે. આ પહેલા આ મહત્વપૂર્ણ બેઠક થઈ રહી છે.

આ બેઠકના ઉદ્દેશ્યોમાં પ્રાથમિકતા ક્ષેત્રો અને રાજકીય કાર્યોને ઓળખવાનો પણ સમાવેશ થાય છે. એવી આશા છે કે પીએમ મોદીની આ બેઠક મંત્રી પરિષદ અને તમામ સચિવો સાથે ૨૮ અથવા ૩૦ સપ્ટેમ્બરે યોજાઈ શકે છે. આ મીટિંગ દરમિયાન પીએમ મોદી બંને ક્ષેત્રો (અર્થતંત્ર અને વાણિજ્ય)ના પરિણામોની સ્થિતિની વિગતો લઈ શકે છે. ઉપરાંત, વિકાસ અને નવા રોકાણને વધુ પ્રોત્સાહિત કરવા માટે નવા લક્ષ્યો અને સમયમર્યાદા નક્કી કરી શકાય છે. અન્ય એક અધિકારીએ જણાવ્યું હતું કે તમામ મંત્રીઓ અને આ બેઠકમાં ભાગ લેનારા સચિવોને જાણ કરવામાં આવી છે. જો કે હજુ સુધી આ મુદ્દાઓ પર બેઠક યોજવા માટે કોઈ કાર્યસૂચિ નક્કી કરવામાં આવી નથી.

## ચીનની ચાલાકીથી ભારત સતર્ક, એલએસી પર સેના સંપૂર્ણપણે પીછેહઠ નહીં કરે

નવીદિલ્હી,

ભારત અને ચીન પૂર્વી લદ્દાખમાં લાઈન ઓફ એક્ચ્યુઅલ કંટ્રોલ (એલએસી) પર મડાગાંઠનો અંત લાવવા સંમત થયા છે. જો કે, ભારત ચીનની કોઈપણ યુક્તિને લઈને ખૂબ જ સાવચેત છે. આ જ કારણ છે કે ભારતીય સૈનિકોએ નિર્ણય લીધો છે કે સ્ટેન્ડઓફના વિસ્તારોને સંપૂર્ણપણે ખાલી કરવામાં આવશે નહીં. 'ધ ટ્રિબ્યુન'ના એક અહેવાલ અનુસાર, સૂત્રોનું કહેવું છે કે સૈનિકો પાછા હટાવવાની પ્રક્રિયા માત્ર થોડા કિલોમીટર દૂર ગોગરા હોટ સ્પ્રિંગ્સ (પેટ્રોલ પોઈન્ટ ૧૫) પર થઈ હતી.

સૂત્રોએ એમ પણ કહ્યું છે કે એપ્રિલ ૨૦૨૦ પહેલા પરિસ્થિતિ પ્રવર્તે ત્યાં સુધી ન્છઝ પર સૈનિકોની હાજરી ચાલુ રહેશે. સૂત્રોનું કહેવું છે કે ન્છઝ પર સૈનિકો પાછા ખેંચવા કે તૈનાત કરવા એ તેના પર નિર્ભર રહેશે કે બીજી બાજુ તેનો કેટલો અમલ કરે છે. એપ્રિલ ૨૦૨૦ પહેલાના દિવસોમાં, પૂર્વી લદ્દાખમાં લગભગ ૮,૦૦૦ થી ૧૦,૦૦૦ સૈનિકો ન્છઝ સાથે તૈનાત કરવામાં આવ્યા હતા. ઉનાળાના મહિનાઓમાં અથડામણો પછી તેમાં નોંધપાત્ર વધારો થયો છે.

સ્ટેન્ડઓફ સાઈટ્સ પરથી સૈનિકોની સંપૂર્ણ પાછી ખેંચવામાં વિલંબ થવાનું એક કારણ પર્વતીય વિસ્તાર પણ છે. જ્યાં ચીન માત્ર બે દિવસમાં પોતાના સૈનિકોને પરત કરી શકે છે. તે જ સમયે, ભારતને ઓછામાં ઓછા બે અને વધુમાં વધુ સાત અઠવાડિયા લાગી શકે છે. તિબેટીયન ઉચ્ચપ્રદેશને કારણે, ચીનને તેના સૈનિકો લાવવા અને ખસેડવામાં કોઈ વિલંબ થશે નહીં. તે જ સમયે, ભારતીય સૈનિકોએ લેહથી ન્છઝ તરફ જવા માટે ખારદુંગ લા, ચાંગ લા અથવા ત્સ્ક લા જેવા ઊંચા પાસાઓ પાર કરવા પડે છે. આવી સ્થિતિમાં ભારત પોતાની સેનાને સંપૂર્ણપણે પાછી ખેંચવાના મૂડમાં નથી. ભારતીય સેના ચીનની દરેક સંભવિત યુક્તિથી સતર્ક છે.

એલએસી સાથેના મડાગાંઠ પછી, ચીને નવા રસ્તા, પુલ અને ભૂગર્ભ મિસાઈલ આશ્રયસ્થાનો બનાવ્યા છે. તેણે તેના એરપોર્ટનું પણ વિસ્તરણ કર્યું છે. તેણે વધુ ફાઈટર જેટ, હથિયાર-શોધ રડાર અને જી૩૦૦ જેવી ભારે હવાઈ સંરક્ષણ પ્રણાલીઓ પણ તૈનાત કરી છે. તમને જણાવી દઈએ કે ભારતીય સેના પોતાના રડાર દ્વારા ચીનની તૈનાતીને સરળતાથી જોઈ શકે છે.પૂર્વી લદ્દાખમાં ૮૩૨ કિલોમીટરના અવ્યાખ્યાયિત ન્છઝની બંને બાજુ હજારો સંપૂર્ણ સશસ્ત્ર ભારતીય અને ચીની સૈનિકો તૈનાત છે. બંને દેશોના સૈનિકો પાસે ટેંક, આર્ટિલરી ગન, હેલિકોપ્ટર, ફાઈટર જેટ અને મિસાઈલ છે.સૂત્રોએ જણાવ્યું કે ભારત પીપલ્સ લિબરેશન આર્મી (પીએલએ) દ્વારા ભારતીય પેટ્રોલિંગ માર્ગને જાણી જોઈને અવરોધિત કરવા સામે વાંધો ઉઠાવી રહ્યું છે. એપ્રિલ ૨૦૨૦ પહેલા, ભારતીય પેટ્રોલિંગ એવા રૂટ પર જતા હતા જેને ચીને હાલના સરહદી કરારોમાં એક વિસ્તારમાં અથડામણ કર્યા પછી અથડામણ પછી અવરોધિત કરી હતી. ઁન્છ વાહનો આ વિસ્તારોમાં પ્રવેશ કરે છે અને પેટ્રોલિંગ માર્ગને અવરોધે છે.

## ૮ ચિત્તા આવી ગયા પણ ૮ વર્ષોમાં ૧૬ કરોડ રોજગારી કેમ ન આવી?: રાહુલ ગાંધી

નવીદિલ્હી

ભારતમાંથી વિલુપ્ત થયેલા ચિત્તાઓને વડાપ્રધાન નરેન્દ્ર મોદીના જન્મદિવસ પર જ નામિબિયાથી પુનર્વસન માટે ભારત લાવવામાં આવ્યા હતા. શનિવારના રોજ ભારતમાં ૮ ચિત્તાઓનું આગમન એ ખૂબ જ ચર્ચિત મુદ્દો બન્યો હતો. ત્યારે કોંગ્રેસી નેતા રાહુલ ગાંધીએ આ તકને પણ ઝડપી લીધી હતી અને સરકાર પર આકરો પ્રહાર કર્યો હતો.

રાહુલ ગાંધીએ આ અંગેની ટ્વિટમાં કટાક્ષના સૂરમાં લખ્યું હતું કે, ૮ ચિત્તા તો આવી ગયા પણ હવે એમ કહો કે, ૮ વર્ષોમાં ૧૬ કરોડ રોજગારી શા માટે ન આવી?

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના જન્મદિવસ પર શનિવારે કોંગ્રેસે એવો દાવો કર્યો હતો કે, દેશમાં નોકરીઓની ચિંતાજનક સ્થિતિને પગલે યુવાનો વડાપ્રધાન મોદીના જન્મદિવસને 'રાષ્ટ્રીય બેરોજગારી દિવસ' તરીકે ઉજવી રહ્યા છે. ઉલ્લેખનીય છે કે, રાહુલ ગાંધી વિવિધ મુદ્દે સરકાર પર નિશાન સાધતા રહે છે. તાજેતરમાં જ તેમણે ઉદ્યોગપતિ ગૌતમ અદાણી વિશ્વના બીજા નંબરના સૌથી ધનવાન વ્યક્તિ બન્યા તે અંગે પણ વડાપ્રધાન નરેન્દ્ર મોદી પર નિશાન સાધ્યું હતું.



# પંચમહાલ આવૃત્તિ

ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા

પંચમહાલ સમાચાર


### શહેરા અણિયાદ ચોકડી વિસ્તારમાં

## એક સાઈટના પાછળના ભાગે ખોદેલા ૧૫ ફૂટ ઉંડા ખાડામાં સાત વર્ષનું બાળક પડી જતા મોત





- પાણી ભરેલા ખાડા માંથી ૧ કલાકની મસક્કત બાદ ૭ વર્ષીય બાળક મૃત અવસ્થામાં મળી આવ્યો.
- અચાનક જ ૧૫ ફુટ પાણી ભરેલા ઉંડા ખાડામાં ૭ વર્ષીય કરણનાથ મદારી પડતા ડૂબી ગયો.
- વ્હાલસોયા પુત્રને મૃત અવસ્થામાં જોતા માતાના હૈયાફાટ રૂદનથી વાતાવરણમાં ગમગીની પ્રસરી.

શહેરા, શહેરા અણિયાદ ચોકડી વિસ્તારથી અણિયાદ ગામ જવા તરફના માર્ગે બંધાતી એક સાઈટના પાછળના ભાગે ખોદેલા ૧૫ ફૂટ ઉંડા ખાડામાં ૭ વર્ષીય બાળક પોતાના મિત્રો સાથે રોજિંદા ક્રમ મુજબ ન્હાવા જતા ડૂબી ગયો હતો. પાણી ભરેલા ખાડા માંથી ૧ કલાકની મસક્કત બાદ ૭ વર્ષીય બાળક મૃત અવસ્થામાં મળી આવ્યો હતો.

મહીસાગર જિલ્લાના કોઠંબા ગામનો મદારી સમુદાય પોતાના પરિવાર સાથે છેલ્લા કેટલાક સમયથી શહેરા નગરમાં આવેલ અણિયાદ ચોકડી વિસ્તારમાં આવેલ એક મેદાનમાં પડાવ નાંખી રહે છે અને શહેરા તેમજ તાલુકાના ગામડામાં રોજીરોટી મેળવવા મજુરી અર્થે જઈ પોતાના પરિવારોનું ગુજરાન ચલાવે છે. મદારી સમુદાયે જ્યાં પડાવ નાખ્યો છે. ત્યાંથી થોડેક જ દૂર એક સાઈટનું બાંધકામ ચાલુ છે. જેની પાછળ બાંધકામ હેતુ ઉંડા ખાડા ખોદવામાં આવ્યા છે. જ્યાં પાણી ભરાયેલું છે, જેમાં મદારીઓના પડાવના કેટલાક બાળકો રોજિંદા ક્રમ મુજબ તેમાં ન્હાવા ગયા હતા. જેમાં ૭ વર્ષીય કરણનાથ ગોવિંદનાથ મદારી પણ ગયો હતો. સાઈટના બાંધકામ માટે ખોદાયેલા ખાડામાં ન્હાવામાં એવા તલ્લીન બન્યા હતા કે, અચાનક જ ૧૫ ફુટ પાણી ભરેલા ઉંડા ખાડામાં ૭ વર્ષીય કરણનાથ મદારી પડતા તે ડૂબવા લાગ્યો હતો. આથી અન્ય બાળકોએ બુમાબુમ કરતા આસપાસ માંથી લોકો દોડી આવ્યા હતા, પરંતુ તેઓના આવતા પહેલા કરણનાથ ઉંડા પાણીમાં ગરકાવ થઈ ગયો હતો. આથી ઉપસ્થિત લોકોમાંથી કોઈએ નગરપાલિકાને જાણ કરતા પાલિકાના કર્મીઓ પાણી ખેંચવાનું મશીન તેમજ જે.સી.બી. મશીન લઈ તાત્કાલિક પહોંચી ગયા હતા. સાથે જ શહેરા મામલતદાર નિરીલ.વી.મોદીને ઘટનાની જાણ તેઓએ પણ માર્ગદર્શન પૂરૂં પાડ્યું હતું. તો મુક્ત જીવન ડિઝાસ્ટર મેનેજમેન્ટ એન્ડ રેસ્કયુ એકેડમીની ટીમ દ્વારા પણ બાળકને શોધવાના પ્રયત્નો ચાલુ કર્યા હતા. જેમાં એક કલાક ઉપરાંતની જસ્તોજહત બાદ ૭ વર્ષીય કરણનાથ મદારી મૃત અવસ્થામાં મળી આવ્યો હતો. બનાવના પગલે પોતાના વ્હાલસોયા પુત્રને મૃત અવસ્થામાં જોતા માતાના હૈયાફાટ રૂદનથી વાતાવરણમાં ગમગીની પ્રસરી ગઈ હતી. આ લખાઈ રહ્યું છે ત્યારે પરિવાર તરફથી પોલીસ ફરિયાદ નોંધાવા માટે કોઈ તજવીજ હાથ ધરાઈ ન હતી. નોંધનીય છે કે, બનેલા બનાવમાંથી અન્ય લોકોએ બોધપાઠ લઈ પોતાના બાળકો ક્યાં રમી રહ્યા છે. તેનું ધ્યાન રાખવું જોઈએ અને આ પ્રકારની ઘટના બનતી અટકાવી શકાય તો નવાઈ નહી.

જે સાઈટ નિર્માણધિન છે, તેની પાછળ ૭ વર્ષીય બાળક ખાડામાં ડૂબી જઈ મોતને ભેટયું છે. તે ખાડાઓ કયા હેતુસર ખોદવામાં આવ્યા છે. તેની જાણકારી પ્રાપ્ત થઈ નથી અને આ તપાસનો વિષય હોવાથી તે દિશામાં તપાસ કરવામાં આવશે.

**એન.બી.મોદી, મામલતદાર, શહેરા**

શહેરા નગરપાલિકાના મુખ્ય અધિકારી તેજલ મુધવાને પૂછતા તેઓએ જણાવ્યું હતું કે, પાલિકા કર્મીઓ દ્વારા જાણવા મળ્યુ છે કે બંધાતી સાઈટની પાછળ માલિક દ્વારા પાણીની અછત હોવાથી તેઓએ પાણી સંગ્રહ માટે ખાડા ખોદયા હોવાનું જણાવ્યું છે અને બાંધકામ પૂર્ણ થયા બાદ આ ખાડો પાછો પૂરી દેવામાં આવશે.

## કાલોલ તાલુકાના નેવરીયા ગામના લોકોએ ઓવરલોડ રેતી ભરેલ ડમ્પરોને રોકી હલ્લાબોલ કર્યા



કાલોલ, કાલોલ તાલુકાના નેવરીયા ગામ પાસેથી પસાર થતા રેતી ભરેલ ઓવરલોડ ડમ્પરોને લઈ રસ્તામાં તુટી જવાને લઈ ગ્રામજનો પરેશાન હતા. આખરે ગામના ય,વાનો અને લોકો ભેગા થઈ ડમ્પરો રોકી લીધા હતા. પોલસીને ઘટનાની જાણ થતાં ઘટના સ્થળે દોડી આવી ડમ્પરોને પોલીસ મથકે લઈ જવામાં આવ્યા.

કાલોલ તાલુકામાં રેતી અને માટીની ચોરી કરતાં ખનિજ માફિયાઓ બેફામ બન્યા છે અને આવા ખનિજ માફિયાઓ સામે જીલ્લા વહીવટી તંત્ર કે ખાણ ખનિજ વિભાગ દ્વારા કાર્યવાહી કરવામાં આવતી નથી. પરિણામે ખનિજ માફિયાઓને કાયદાનો ડર રહ્યો નથી.

તેવામાં કાલોલ તાલુકાના નેવરીયા ગામ માંથી કાયમ માટે ઓવરલોડ રેતી ભરેલ ડમ્પરો પસાર થતા હોય રેતી ભરેલ ઓવરલોડ ડમ્પરોને લઈ ગામને જોડતા રસ્તા ખખડધજ બન્યા છે અને ચોમાસાની સીઝનના ચાર મહિના ગામના લોકોને રસ્તા ઉપર અવર જવર કરવામાં ભારે મુશ્કેલીઓ વેઠવી પડતી હોય છે. ખનન માફિયાઓની રેતી ભરેલ ડમ્પરો માટે સ્થાનિક પંચાયતના તલાટી, સરપંચ કે ખાણ ખનિજ વિભાગ કાર્યવાહી કરતું ન હોય પરિણામે રોડ ને ભારે નુકશાન થાય છે. તુટેલા રસ્તાની મરામત કરવામાં આવતી ન હોય ત્યારે ગ્રામજનોએ ઓવર લોડ રેતી ભરેલ ડમ્પરો રસ્તા ઉપર થી પસાર થતાં બંધ કરવા માટે ગામના લોકો અને યુવાનો એકઠા થયા હતા અને નેવરીયા ગામ પાસે ઓવરલોડ રેતી ભરેલ ડમ્પરો રોકી લેવામાં આવ્યા હતા અને હલ્લાબોલ કરવામાં આવ્યો હતો. નેવરીયા ગામના લોકો દ્વારા રેતી ભરેલ ડમ્પરો રોકવાની ઘટના થી જાણ થતાં કાલોલ પોલીસ ઘટના સ્થળે દોડી આવી હતી અને રેતી ભરેલ ઓવરલોડ ડમ્પરો પોલીસ મથકે લઈ જઈ કાયદેસર કાર્યવાહી હાથ ધરી છે. કાલોલ તાલુકામાં ખનિજ માફિયાઓના ત્રાસ થી હવે ગ્રામજનોમાં આક્રોશ જોવા મળી રહ્યો છે. ત્યારે તંત્ર દ્વારા આવા ગેરકાયદેસર ખનિજ ચોરી કરતાં તત્વોને લગામ લગાવીને ગામના લોકો કાયદો હાથમાં ન લે તેવા પ્રયાસો થાય તે જરૂરી છે.

## અવસર લોકશાહીનો : પંચમહાલમાં મતદાનના મહત્વ અંગે મતદારોમાં જોવા મળી જાગૃત્તા

- પંચમહાલ જિલ્લામાં ચાર તબક્કામાં યોજાયેલી મતદારયાદી ખાસ ઝુંબેશને મોટી સફળતાં.
- મતદારયાદી સુધારણાંની કુલ ૨,૪૫,૪૨૩ અરજીઓ આવી.
- પંચમહાલ જિલ્લામાં કુલ ૨૪,૨૭૨ નવા મતદારો ઉમેરાયાં.

ગોધરા, લોકશાહીના પાયાને મજબૂત કરવા માટે ચૂંટણીમાં જનભાગીદારી ઘણી મહત્વની સાબિત થતી હોય છે. જેને ધ્યાને લઈને ભારતના ચૂંટણી પંચ દ્વારા હાથ ધરવામાં આવેલ મતદાર યાદી સુધારણાં કાર્યક્રમ અંતર્ગત પંચમહાલ જિલ્લામાં તા. ૨૧ અને ૨૮ ઓગસ્ટ તેમજ તા. ૪ અને ૧૧ સપ્ટેમ્બર આમ કુલ ચાર રવિવારના રોજ મતદારયાદીમાં સુધારા અંગેની ખાસ ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી. જે અન્વયે પંચમહાલ જિલ્લાના દરેક તાલુકામથકે અને જિલ્લાની શાળા કોલેજમાં ચૂંટણીકાર્ડમાં નામ, ફોટા, જન્મતારીખ, સરનામું સુધારવાની સાથો સાથ ચૂંટણીકાર્ડને આધારકાર્ડ સાથે લીંક કરવા સહિતની કુલ ૨,૪૫,૪૨૩ અરજી આવી હતી. જેમાં શહેરા ખાતે ૬૫,૪૨૩, મોરવા હડફ ખાતે ૪૬,૪૬૧, ગોધરા ખાતે ૪૭,૦૪૫, કાલોલ ખાતે ૫૮,૭૦૯, હાલોલ ખાતે ૨૭,૭૮૩, અરજીઓનો સમાવેશ થાય છે. અત્યાર સુધી ૧૮ થી ૧૯ વર્ષ વયજુથમાં કુલ ૧૫,૯૧૮અરજીઓ મળેલ છે.

આ સમગ્ર ઝુંબેશ હેઠળ પંચમહાલ જિલ્લામાં ચૂંટણીમાં મતદાનના મહત્વ અંગે મતદારોમાં સારી એવી જાગૃત્તા જોવા મળી છે. આ ઝુંબેશને સફળ બનાવતાં અત્યાર સુધીમાં પંચમહાલ જિલ્લામાં પહેલી જ વાર મતદારયાદીમાં નામ નોંધાવનારાની સંખ્યા કુલ ૨૪,૨૭૨ જેટલી નોંધાઈ હતી. તે પૈકી વિધાનસભાની બેઠકો ઉપર ૧૮ થી ૧૯ વયજૂથના નવા મતદારોની સંખ્યા ૧૫,૯૧૮ ૨૦ થી ૨૯ વયજૂથના નવા મતદારોની સંખ્યા ૭૬૬૫ નોંધાઈ છે. ઉપરાંત ચૂંટણીકાર્ડને આધારકાર્ડ સાથે લીંક કરાવનારની સંખ્યા ૧,૯૩,૪૯૪ તેમજ ચૂંટણીકાર્ડમાં નામ, ફોટો, જન્મતારીખ કે સરનામું સુધારવાની અરજીઓ ૧૬,૩૩૨ જેટલી મેળવવામાં આવી હતી તેમ નાયબ જિલ્લા ચૂંટણી અધિકારી નેહા ગુપ્તાએ એક અખબાર યાદીમાં જણાવેલ છે.

આ ઝુંબેશને સફળ બનાવવા બદલ જિલ્લા ચૂંટણી અધિકારી અને જિલ્લા કલેકટર સુજલ મયાત્રાએ તમામ જાહેર જનતા તથા આ કામગીરી સાથે સંકળાયેલાં સર્વે બુથ લેવલ ઓફિસર તથા સ્ટાફગણને અભિનંદન પાઠવ્યા હતા.

## રાજનેતાઓ સોશીયલ માડીયામા કરેલા દાવા પોકળ
## દાહોદ રામાનંદ પાર્કમાં મંદિર શિલાન્યાસ પ્રસંગે યોજાનાર મહાયજ્ઞને રસ્તાનું ગ્રહણ

દાહોદ, દાહોદમાં રામાનંદ પાર્કમાં દશેરાના દિવસથી પાંચ દિવસ સુધી અહીં બનનાર મંદિરના શિલાન્યાસ પ્રસંગે ધાર્મિક પ્રસંગો યોજાનાર છે. જેમાં સંતો મહંતો અને નેતાઓ તેમજ શ્રદ્ધાળુઓનો જમાવડો થશે. તેવા સમયે રામાનંદ પાર્કની બાજુમાંથી પસાર થતો રસ્તો હજી સુધી પૂર્ણ ન થવાને કારણે આ કાર્યક્રમમાં તેનો ઉપયોગ થઈ શકશે નહી. જો આ રસ્તો પૂર્ણ બની શક્યો હોત તો આ ભવ્ય યજ્ઞ પ્રસંગે તેનો લાભ થઈ શક્તો હતો. ઉપરાંત જે તે સમયે દાહોદમાં ટ્રાફિક સમસ્યા હળવી થવાનો દાવો પણ હાલ પોકળ સાબિત થઈ રહ્યો છે. ૧૦૦૮ માધવાચાર્ય સહિત ૬૦ જેટલા સંતો, મહામંલેશ્વર ઉપસ્થિત રહેશે.

દાહોદમાં વનખંડી હનુમાનજીના મંદિર પાસે આવેલા રામાનંદ પાર્કમાં બનનારા ભવ્ય મંદિરના શિલાન્યાસ પ્રસંગે તારીખ ૫ ઓક્ટોબર દશેરા થી ૯ ઓક્ટોબર શરદ પૂર્ણિમા સુધી પાંદ દિવસીય લક્ષ્મી નારાયણ મહાયજ્ઞ, અખંડ રામચરિતમાનસ પાઠ અને સંત સંમેસન જેવા ધાર્મિક કાર્યક્રમો યોજાનાર છે. જેમાં ગાદ્યાચાર્ય મંગલ પીઠાશ્વર ૧૦૦૮ માધવાચાર્ય ખાસ ઉપસ્થિત રહેનાર છે. રોજે રોજ ધાર્મિક અને સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાશે. તેમજ દરરોજ સાંજે પાંચ દિવસ સુધી મહાપ્રસાદીનું આયોજન પણ કરવામાં આવ્યું હોવાની માહિતી રામાનંદ પાર્કના શ્રીમહંત જગદીશદાસજી મહારાજે આપી હતી. સુંદરકાંડ તેમજ સંત સંમેલન યોજાશે અને આ દિવસો દરમિયાન ૬૦ જેટલા સંતો, મહંતો અને મહામંલ્ડેશ્વર ઉપસ્થિત રહેવાના હોવાની માહિતી મળી.

## ગણેશ મહોત્સવ સમિતિ ૨૦૨૨ દ્વારા ગણેશ મંડળો અને પોલીસ મિત્રોનું સન્માન સહ પ્રશસ્તિપત્ર એનાયત કરવાનો કાર્યક્રમ યોજાયો

ગોધરા, ગોધરાના ભવ્ય શ્રી ગણેશ મહોત્સવ અને ગોધરાની આનબાન સમાન શ્રી ગણેશ વિસર્જન યાત્રાના વિશિષ્ટ સંકલન માટે પ્રજા પોલીસ અને પ્રશાસન તંત્રના સંયુક્ત ઉપક્રમે પંચમહાલ જિલ્લા પોલીસ અને સુરક્ષા સેતુ દ્વારા પ્રાયોજિત શ્રી ગણેશ મહોત્સવ સમિતિ ૨૦૨૨ ની રચના ડો.આનંદ ઘડિયાળીની અધ્યક્ષતામાં કરવામાં આવી હતી. આ સમિતિમાં કુલ ૧૦૦ સભ્યોની નિયુક્તિ કરવામાં આવી હતી. આ સમિતિ દ્વારા ગોધરા નગરને પાંચ ઝોનમાં વહેંચીને દરેક ઝોનમાં ૨૦ સભ્યોની ટીમ બનાવવામાં આવી હતી. દરેક ઝોનના વિવિધ ગણેશ મંડળોની મુલાકાત કરી ગોધરાના ધારાસભ્ય સી.કે. રાઉલજી દ્વારા શીલ્ડ અને પંચમહાલ જિલ્લા પોલીસ દ્વારા પ્રશસ્તિપત્ર આપવામાં આવેલ હતા. દરેક ઝોનના સદસ્યો દ્વારા કુલ ૬૦ માર્કનું માર્કિંગ કરવામાં આવેલ હતું. ગોધરામાં મુખ્ય મોટા મંડળો ૧૫૦ થી વધુનું માર્કિંગ કરવામાં આવ્યું હતું. ત્યારબાદ શ્રી ગણેશ વિસર્જન યાત્રા વખતે પોલીસ ચોકી નંબર–૨ પાસે વિસર્જન યાત્રામાં વિવિધ મંડળોના શિસ્ત સલામતી સહકારના અનુસંધાનમાં ૪૦ માર્કનું માર્કિંગ કરવામાં આવ્યું હતું. આમ, કુલ ૧૦૦ માર્ક માર્કિંગના આધારે ગોધરાના ૧૬ શ્રી ગણેશ મંડળોની પસંદગી કરવામાં આવી હતી. તેનો આજરોજ પોલીસ ટ્રેનિંગ સેન્ટર પોલીસ હેડ ક્વાર્ટર્સ ગોધરા ખાતે સન્માન સહ પ્રશસ્તિપત્ર આપવાનો કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં ગોધરાના ધારાસભ્ય સી.કે. રાઉલજી, પંચમહાલ જિલ્લા પોલીસ અધિક્ષક હિમાંશુ સોલંકી, પ્રાંત અધિકારી ગોધરા જેતાવત, ડીવાયએસપી ખટાણા, સહકારી આગેવાન કે.ટી.પરીખ, એ ડિવિઝન પી.આઈ. મુધવા અને બી ડિવિઝન પી.આઈ. અસોડા ઉપસ્થિત રહ્યા હતા તથા શ્રી ગણેશ મહોત્સવ સમિતિ ૨૦૨૨ ના ૧૦૦ સદસ્યોને તથા શ્રી ગણેશ વિસર્જન યાત્રાના સમયે શરબત, પાણી, ચોકલેટ, નાસ્તાના વિતરણ કરવાવાળી સંસ્થાઓ અને વ્યક્તિઓનું તથા લઘુમતી સમાજના પોલીસ મિત્રોનું સન્માન સહ પ્રશસ્તીપત્ર આપવામાં આવેલ હતા તથા પંચમહાલ જિલ્લાની ભવ્ય નવરાત્રી મહોત્સવ ૨૦૨૨ પોલીસ હેડ ક્વાર્ટર્સ ગોધરા ખાતે આયોજન પંચમહાલ જિલ્લા પોલીસ અને સુરક્ષા સેતુ તથા શ્રી નવરાત્રી મહોત્સવ સમિતિ ૨૦૨૨ દ્વારા કરવામાં આવ્યું છે. તેવી જાહેરાત પંચમહાલ જિલ્લા પોલીસ અધિક્ષક હિમાંશુ સોલંકી દ્વારા કરવામાં આવેલ હતી.

## સીમલીયા અભ્યાસ કરવા જતા વિદ્યાર્થીઓએ હાઈસ્કુલે જવાનો સમય ટાળી રસ્તાના ખાડા પૂર્યા



વેજલપુર, પંચમહાલ જિલ્લાના કાલોલ તાલુકાના વેજલપુરથી ચલાલી સીમલીયા ગામ ને જોડતો માર્ગ ઉપર મોટા મોટા ખાડા પડ્યા છે. ત્યારે સીમલીયા અભ્યાસ કરવા જતાં વિદ્યાર્થીઓ જાતે જ પાવડો ઉપાડ્યો વિદ્યાર્થીઓ કહી રહ્યા છે એમને રોજે રોજ મુશ્કેલીઓ પડી રહી અમે સ્કૂલે જવાની કડીઓ રસ્તાઓ ઉપર ખાડા પડવાના કારણે ST બસ મોડી થાય છે. તેથી અમારાથી સમય સર સીમલીયા હાઈસ્કૂલમાં અભ્યાસ અર્થે પહોંચી શકાતું નથી. વધુમાં સ્થાનિકો દ્વારા જાણવા મળ્યું છે કે, ચોમાસાની ઋતુમાં માર્ગ ઉપર પડેલા જોખમી ખાડામાં પાણી ભરાઈ જાય છે. તેથી માર્ગમાં આવેલા ખાડા દેખાતા નથી. તેથી વાહનો ખાડામાં ખાબકતા આકસ્મતો સર્જાય છે અને વાહનોને બહુ મોટા પાયે નુકશાન પણ થઈ રહ્યું છે. તેથી ગ્રામજનો અને વાહનચાલકો પરેશાન થઈ રહ્યા છે. વેજલપુર થી ચલાલી સીમલીયા ગામ ને જોડતો રસ્તો કરોડો રૂપિયાની ખર્ચે બનેલો હતો. આ રસ્તો બન્યાને થોડાક સમયમાં તૂટી ગયો હતો. ત્યારબાદ તેને હલકી ગુણવત્તાવાળું મટીરીયલ વાપરીને રીપેરીંગ કરીને લીપા પોતી કરીને છોડી દેવામાં આવે છે. હાલ ખૂબ જ ખરાબ પરિસ્થિતિ થઈ ચૂકી છે. ત્યારે આ રસ્તાનું નવીનીકરણ કરવામાં આવે તેવી માંગ વિદ્યાર્થીઓ, વાહનચાલકો અને ચલાલી ગ્રામજનો દ્વારા માંગ ઉઠવા પામી છે.



સમગ્ર ભારત દેશની શાળાઓમાં ૦૫ સપ્ટેમ્બરને દેશના પૂર્વ રાષ્ટ્રપતિ, ફિલોસોફર, શિક્ષક તથા ભારતરત્નથી સન્માનિત ડો.સર્વપલ્લી રાધાકૃષ્ણનના જન્મ દિનને શિક્ષક દિન તરીકે ઉજવાય છે. ગોધરા શહેરના પશ્ચિમ વિસ્તારમાં આવેલ પ્રતિષ્ઠિત તથા બાળકોની વિશાળ સંખ્યા ધરાવતી શાળા એવી ધી ઈકબાલ પ્રાથમિક શાળામાં આજ રોજ વિભાગ ૦૬ થી ૦૮ના બાળકોએ શાળાના મુખ્ય શિક્ષક હાજી ઈદરીસ બડંગા ના માર્ગદર્શન હેઠળ તથા શિક્ષકગણના સહિયારા પ્રયાસથી પૂર્વ તૈયારી સાથે હર્ષ અને ઉલ્લાસભેર એક દિવસીય શિક્ષક શિક્ષિકાની ભૂમિકા ભજવી હતી તથા ભવિષ્યમાં આદર્શ શિક્ષક શિક્ષિકા બની દેશની ઉન્નતિમાં સહભાગી થવા સંકલ્પ લીધો હતો.અંતે શાળાના મુખ્ય શિક્ષક દ્વારા પ્રસંગને અનુરૂપ વક્તવ્ય રજૂ કરી સૌનો આભાર માની કાર્યક્રમ સમાપ્ત કરાયો હતો.

## રાજ્ય આરોગ્ય મંત્રીએ પંચમહાલ જિલ્લાના ઘોઘંબા તાલુકાના મૃતકોના પરિવારના આંસુ લૂછ્યા, પરિવારને આપી સાંત્વના



આજ રોજ રાજ્યમંત્રી મતિ નીમિષાબેન સુથાર (રાજયકક્ષા આદિજાતિ વિકાસ, આરોગ્ય અને પરિવાર કલ્યાણ અને તબીબી શિક્ષણ વિભાગ) દ્વારા પંચમહાલ જિલ્લાના ઘોઘંબા તાલુકાના છેવાડાના વાવકુલ્લી અને શામળકુવા ગામે મૃતક પરિવારના નિવાસસ્થાને મુલાકાત લીધી હતી. અમદાવાદ ખાતે બિલ્ડીંગના બાંધકામ વખતે જિલ્લાના ચાર શ્રમિકોના મૃત્યુ થયા હતા. ત્યારે મંત્રીએ તેમના નિવાસસ્થાને પરિવારને મળીને સાંત્વના આપી હતી. તેમણે આ દુર્ઘટનામાં જાન ગુમાવનારા નાયક પરિવારના સભ્યોને મળીને સાંત્વના આપી હતી તથા મૃતકોને શ્રધ્ધાંજલિ અર્પણ કરી હતી. આ સમયે મૃતક પરિવારની આંખોમાંથી શ્રાવણ ભાદરવો વરસવા માંડ્યો હતો. ત્યારે ભાવુક દ્રશ્યો સર્જાયા હતા. મંત્રીએ પરિવારના સદસ્યોને ગળે લગાવી હૂંફ અર્પણ કરી હતી અને કહ્યું હતું કે સરકાર અને વહીવટીતંત્ર તરફથી તમામ પ્રકારની મદદ કરવામાં આવશે.

આ સાથે તેમણે પરિવાર અને ગ્રામજનો સાથે વાત કરતા જણાવ્યું હતું કે, આજે સરકાર આપની સાથે છે. ઉપસ્થિતોને જણાવ્યું કે, સરકારની તમામ યોજનાકીય લાભો લેવામાં આવે, આયુષ્યમાન કાર્ડ અને સરકારી હોસ્પિટલોનો લાભ લેવામાં આવે. આ સાથે તેમણે ઉપસ્થિત અધિકારીગણોને તમામ પ્રકારના મદદ માટે સુચારૂ સલાહ સૂચનો કર્યા હતા. તેમણે સ્થાનિક રોજગારી અને મધમાખી ઉછેર કેન્દ્ર સ્થાપવા અંગે પણ લોકોને માહિતગાર કર્યા હતા. અહી નોંધનીય છે કે, અમદાવાદ ખાતે બિલ્ડિંગના બાંધકામ વખતે જિલ્લાના ઘોઘંબા તાલુકાના વાવકુલ્લી અને શામળકુવા ગામના ચાર શ્રમિકોના મૃત્યુ થયા હતા. જેમાં સરકાર તરફથી તાત્કાલિક પાંચ લાખની સહાય કરાઈ છે તથા કંપની દ્વારા પણ વળતર ચૂકવવામાં આવશે તેવું જણાવાયું છે.

આ સ્થળે જિલ્લા વહીવટી તંત્ર, ઘોઘંબા મામલતદાર, તાલુકા વિકાસ અધિકારી સહિત તમામે મુશ્કેલ સમયે પરિવારની પડખે ઊભા રહીને પરિવારને સહાય સહિત સાંત્વના આપી હતી.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 26, No.25